ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



જગત કારાણી
અગ્રણી બિલ્ડર, ગાંધીનગર
(સુમન ટાવર, સુમન સિટી)
મો. ૯૮૨૪૦ ૭૭૭૭૮
૯૮૨૪૦ ૧૧૨૧૧



ચંદ્રકાન્ત ઠક્કર
મેનેજર, શ્રી જલારામ સેવા સમાજ



ચંદ્રિકાબેન દિપકભાઈ પરમાર
મો. ૯૭૨૩૮ ૩૧૯૦૦



ચારૂદત્ત ચંદ્રકાન્ત દવે
મો. ૯૯૦૪૩ ૫૪૧૦૯



જયદિપસિંહ નટવરસિંહ ચાવડા
મો. ૯૯૨૫૩ ૪૫૧૯૯

# જિલ્લાની પ્રાથમિક શાળાઓનો રમતોત્સવ યોજાયો







## ભાદોલ ગામમાં આયોજિત કાર્યક્રમમાં ચારેય તાલુકાના ૬૦૦ બાળકોએ ભાગ લીધો

ગાંધીનગર, તા. ૨૦

કલોલ તાલુકાના ભાદોલ મુકામે ઉમિયા માતા મંદિર, પાટીદાર સમાજની વાડી ખાતે જિલ્લાની પ્રાથમિક શાળાઓનો રમતોત્સવ યોજવામાં આવ્યો હતો.

જીસીઈઆરટી પ્રેરીત અને જિલ્લા શિક્ષણ તાલીમ ભવન તેમજ ગાંધીનગર જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ અને જિલ્લા પ્રાથમિક વ્યાયામ મંડળ દ્વારા આયોજિત આ રમતોત્સવમાં ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર, દહેગામ, માણસા, કલોલ ચારેય તાલુકાના ૧૧ ઝોનમાંથી ૬૦૦ જેટલા વિદ્યાર્થીઓ તેમજ ૩૦ જેટલા શિક્ષકોએ ભાગ લીધો હતો.

૧૦૦ મીટર દોડ, લાંબી કૂદ, ગોળા ફેંક, યોગાસન જેવી વ્યક્તિગત રમતો તેમજ કબડ્ડી, ખો-ખો જેવી સાંઘિક રમતોની સ્પર્ધા આ રમતોત્સવ અંતર્ગત વિદ્યાર્થીઓ માટે યોજવામાં આવી હતી.

આ રમતોત્સવનું આયોજન રમતોત્સવના કન્વીનર કલોલ તાલુકાના પલિયડ પગાર કેન્દ્ર શાળાના આચાર્ય, સ્ટાફ તેમજ એસએમસી દ્વારા ખંતથી કરવામાં આવ્યું હતું. તમામ બાળકોને નાસ્તામાં મોસંબી, કેળાં અને ઍનર્જી માટે શરબત આપવામાં આવ્યું હતું.

રમતોત્સવમાં ભાગ લેનારા તેમજ જીતનારા વિદ્યાર્થીઓ અને શિક્ષકોને કલોલ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ પ્રવીણભાઈ પટેલ અને મંત્રી ધર્મેશ રાવલે અભિનંદન પાઠવ્યા હતા.

કાર્યક્રમને પ્રોત્સાહન આપવા કલોલ તાલુકા ધારાસભ્ય બળદેવજી ઠાકોર, જીસીઈઆરટીના ડૉ. ટી ઍસ જોષી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ઍન ઍમ રાઠોડ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનાં ઈન-ચાર્જ પ્રાચાર્ય ઉર્મિલાબેન, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મોદી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી હિમાંશુ પટેલ, ધર્મેન્દ્રસિંહ રાઠોડ, નીરૂબેન પટેલ, જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ મીઠાભાઈ પટેલ, મહામંત્રી જગદીશભાઈ પટેલ, સુજલભાઈ, પી ટી ઠાકોર, ચારેય તાલુકાના તાલુકા સંઘના પ્રમુખો, બીઆરસી સંયોજકો, આચાર્યો, શિક્ષકો તેમજ સાદરા કૉલેજના પંચમિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા પલીયડ પગાર કેન્દ્રના આચાર્ય જગદીશભાઈ પટેલ, ભાવેશભાઈ પટેલ, બીઆરસી સંયોજક મુકેશભાઈ ભુરીયા, વિપુલ ઠાકોર, જયંતિજી ઠાકોર, દિનાબેન ત્રિવેદી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી નિરૂબેન પટેલ, અમીતભાઈ પટેલ તેમજ કલોલ તાલુકાના સીઆરસી સંયોજકો, સીપીએડ શિક્ષકો અને આચાર્યોએ જહેમત ઊઠાવી હતી.

| સ્પર્ધા | પ્રથમ વિજેતા | શાળા |
|---|---|---|
| ૧૦૦ મી. દોડ | અજય શંકરભાઈ નાયક | રતનપુર લાટ, દહેગામ |
| ૧૦૦ મી. દોડ | દિવ્યા લક્ષ્મણભાઈ ખરાડી | હાલીસા, દહેગામ |
| લાંબી કૂદ | અજય શંકરભાઈ નાયક | રતનપુર લાટ, દહેગામ |
| લાંબી કૂદ | કોમલ ધુળાજી ઠાકોર | સોનીપુર, ગાંધીનગર |
| ગોળાફેંક | કરણ લાલજીભાઈ નાયક | રૂપાલ, ગાંધીનગર |
| ગોળાફેંક | ભૂમિ મહેશભાઈ ઠાકોર | પાનસર, કલોલ |
| યોગાસન | રાહુલ હરેન્દ્રસિંહ પરમાર | શીયાવાડા, દહેગામ |
| યોગાસન | કિંતન બબાભાઈ ચૌહાણ | મોચીયાની મુવાડી, દહે. |
| કબડ્ડી | દશેલા પ્રાથમિક શાળા, ગાંધીનગર | |
| કબડ્ડી | સરગુડી પ્રાથમિક શાળા, દહેગામ | |
| ખો-ખો | ચરાડા પ્રાથમિક શાળા, માણસા | |
| ખો-ખો | પારસા પ્રાથમિક શાળા, માણસા | |
| સ્પર્ધામાં વિજેતા શિક્ષકો | | |
| ૧૦૦ મી. દોડ | રાજકુમાર એચ. ચૌધરી | આંત્રોલી, દહેગામ |
| ૧૦૦ મી. દોડ | રીટાબેન પ્રજાપતિ | લવાડ, દહેગામ |
| લાંબીકૂદ | અરવિંદભાઈ શ્રીરામ | વાસણા રાઠોડ, દહેગામ |
| ચક્રફેંક | નીતાબેન બી રામી | મુલાસણા, દહેગામ |
| ગોળાફેંક | જયેશકુમાર એમ પટેલ | સીઆરસી, ડભોડા |
| ગોળાફેંક | જિજ્ઞાસાબેન ચૌધરી | રૂપાલ, ગાંધીનગર |
| યોગાસન | રસિકકુમાર પ્રજાપતિ | રીદ્રોલ, માણસા |
| યોગાસન | વૈશાલીબેન પટેલ | સોજા, કલોલ |

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૨**
વઝીર
૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૦૦
રોમાન્ટ કોમ્પ્લીકેટેડ (ગુજ.)
૬.૩૦

**સ્ક્રીન-૩**
ચૉક ઍન્ડ ડસ્ટર
૧૨.૪૫, ૩.૪૫,
૬.૪૫, ૯.૪૫

**સ્ક્રીન-૪**
છોટા ભીમ
૨.૦૦
બાજીરાવ મસ્તાની
૪.૦૦, ૯.૪૫
છેલ્લો દિવસ
૭.૦૦

**સ્ક્રીન-૫**
વઝીર
૭.૦૦
રોમાન્સ કોમ્પ્લીકેટેડ
૧૦.૦૦, ૧.૦૦
૪.૦૦, ૯.૩૦

**સ્ક્રીન-૬**
વઝીર
૧૨.૩૦
બાજીરાવ મસ્તાની
૪.૦૦
દિલવાલે
૧૦.૦૦

# ગુજરાત રાજ્ય ઍનઍસઍસ ડે ઉજવણીમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયનો ઉત્કૃષ્ટ દેખાવ

### ૩૮૫ કરતાં વધુ સ્વયંસેવકો પૈકી વિશ્વવિદ્યાલયની ટીમે ૩ સ્પર્ધાઓમાં પ્રથમ, અને બે-બે સ્પર્ધાઓમાં દ્વિતિય અને તૃતિય ક્રમે વિજેતાપદ મેળવ્યું




ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત રાજ્ય ઍનઍસઍસ દિવસની ઉજવણીનો કાર્યક્રમ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના યજમાનપદે યોજાયો હતો, જેમાં ગુજરાતની ૧૬ યુનિવર્સિટીઝ અને ૧૭ જિલ્લાઓએ ભાગ લીદો હતો. કડી સર્વ વિશ્વવિદ્યાલયની ઍનઍસઍસ ટીમે વિવિધ સ્પર્ધાઓમાં સાત ઈવેન્ટમાં વિજેતા પદ મેળવી સમગ્ર રાજયમાં વિશ્વવિદ્યાલય તથા ગાંધીનગરનું નામ રોશન કર્યું હતું. આ વિજેતા ટીમમાં શ્વેતા સણોલ, ગાયત્રી પંચાલ, નિર્મલ ચૌધરી, પિન્કલ પટેલ, દર્પિતા પટેલ, ધારા પટેલ, વૃતિકા પંચાલ, વિકાસ રાજકોર, જયવીરસિંહ વાઘેલા, આદિત્ય પટેલ, આનંદ મારવાણીયા, કાજલ વૈષ્ણવ, રોનક કડિયા અને પ્રોગ્રામ ઑફિસર રણછોડ રથવી સામેલ હતા. વિશ્વવિદ્યાલયની ટીમે સ્કીટમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો, જેમાં શ્વેતા સણોલ, ગાયત્રી પંચાલ, કાજલ વૈષ્ણવ, જયવીરસિંહ વાઘેલા, આદિત્ય પટેલ, રોનક કડિયાએ ભાગ લીધો હતો. વક્તૃત્વ સ્પર્ધામાં ગાયત્રી પંચાલે પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો. દત્તક વિસ્તાર પ્રેઝન્ટેશનમાં અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના ડૉ. રણછોડ રથવીએ પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો.

ગરબા સ્પર્ધામાં ટીમે બીજો ક્રમ મેળવ્યો હતો, જેમાં શ્વેતા સણોલ, નિર્મલ ચૌધરી, દર્પિતા પટેલ, પિન્કલ પટેલ, ધારા પટેલ અને વૃતિકા પંચાલ સામેલ હતાં. કાવ્યપઠનમાં કાજલ વૈષ્ણવે બીજો ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. શૉર્ટ સ્ટોરીમાં અંજલી પટેલે બીજો ક્રમાંક મેળવ્યો હતો તથા પાવર પોઈન્ટ પ્રેઝન્ટેસનમાં રોનક કડીયાએ તૃતિયા ક્રમાંકનું વિજેતાપદ પ્રાપ્ત કર્યું હતું. ઉલ્લેખનીય છે કે આ સ્પર્ધાઓમાં સમગ્ર ગુજરાતમાંથી ૩૮૫ કરતાં વધુ સ્વયંસેવકોએ ભાગ લીધો હતો, જેમની વચ્ચે સ્પર્ધા કરી કડી સર્વ વિશ્વવિદ્યાલયની ટીમે ૩ સ્પર્ધાઓમાં પ્રથમ, અને બે-બે સ્પર્ધાઓમાં દ્વિતિય અને તૃતિય ક્રમે વિજેતાપદ મેળવ્યું હતું.

વિજેતા વિદ્યાર્થીઓને ચૅરમેન વલ્લભભાઈ પટેલ, ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર રણછોડ રથવી, ડિરેક્ટર ડી ટી કાપડિયા તરફથી બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# લાયોનેસ ક્લબના સૌજન્યથી વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રવાસ



ગાંધીનગર, તા. ૨૦

લાયોનેસ ક્લબ, ગાંધીનગર દ્વારા સરકારી પ્રાથમિક શાળા, સૅક્ટર-૭ના વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રવાસ કરાવવામાં આવ્યો હતો.

ક્લબનાં સૅક્રેટરી દક્ષા જાદવે આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે સદર શાળા લાયોનેસ ક્લબ દ્વારા દત્તક લેવામાં આવી છે, જેના વિદ્યાર્થીઓ માટે ક્લબ દ્વારા સાયન્સ સિટી અને અક્ષયપાત્રની મુલાકાત ગોઠવવામાં આવી હતી. લાયોનેસ ક્લબ, ગાંધીનગરનાં પ્રમુખ વૈશાલીબેન જોષીની આગેવાની હેઠળ શાળાના ૭૩ જેટલા વિદ્યાર્થીઓને ભાડજ ગામ ખાતે કાર્યરત અક્ષયપાત્રની મુલાકાત કરાવી અહીં વિવિધ ભોજન કેવી રીતે તૈયાર થાય છે તેની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. એ પછી સાયન્સ સિટીની મુલાકાત કરાવી સાયન્સના વિવિધ પ્રૉજેક્ટ્સની માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. અહીં વિજ્ઞાની નીલ આર્મસ્ટ્રોન્ગની ચંદ્ર પર આગમન અંગેની થ્રીડી ફિલ્મ પણ વિદ્યાર્થીઓને દર્શાવવામાં આવી હતી તથા ભૂકંપ કેવી રીતે આવે છે તેનું નિદર્શન પણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં પ્રમુખ સાથે સૅક્રેટરી, પૂર્વ પ્રમુખ પ્રિયાબેન માનીક, પ્રજ્ઞાબેન ગજ્જર, હર્ષા મેવાડા અને સરકારી શાળાનાં શિક્ષકોએ ઉપસ્થિત રહી બાળકોને માહિતીપ્રદ પ્રવાસ કરાવવામાં અમૂલ્ય સહયોગ આપ્યો હતો.

# કોરી ચુનરિયા આત્મા મોરી, મૈલ હૈ માયાજાલ




## ગીત-સંગીતની દુનિયા

ભાર્ગવ હરનારાયણ ભટ્ટ

ફિલ્મ : દિલ હી તો હૈ
વર્ષ : ૧૯૬૩
નિર્માતા : રાવલ ફિલ્મ્સ, મુંબઈ
નિર્દેશક : પી ઍલ સંતોષી અને સી ઍલ રાવલ
સંગીતકાર : રૌશન
ગીતકાર : સાહિર લુધિયાનવી
મુખ્ય કલાકાર : રાજ કપૂર, નૂતન
સહાયક કલાકાર : પ્રાણ, નઝીર હુસૈન, લીલા ચીટનીસ, બબલુ, હરી શિવદાસાની, મનોરમા, આગા
ગીત : લાગા ચુનરી મેં દાગ
ગાયક કલાકાર : મુકેશ-સુમન કલ્યાણપુર, લતા, મન્નાડે-આશા

લાગા ચુનરી મેં દાગ
છુપાઉં કૈસૈ ઘર જાઉં કૈસે
લાગા ચુનરી મેં દાગ...
હો ગઈ મૈલી મોરી ચુનરિયા
કોરે બદન સી કોરી ચુનરિયા
જા કે બાબુલ સે નઝરે મિલાઉં
કૈસે, ઘર જાઉં કૈસે
લાગા ચુનરી મેં દાગ...
ભૂલ ગઈ સબ બચન બિદા કે
ખો ગઈ મૈં સસુરાલ મેં આ કે,
જા કે બાબુલ સે નઝરેં મિલાઉં
કૈસે, ઘર જાઉં કૈસે
લાગા ચુનરી મેં દાગ
કોરી ચુનરિયા આત્મા મોરી
મૈલ હૈ માયાજાલ
વો દુનિયા મોરે બાબુલ કા ઘર
યે દુનિયા સસુરાલ
જા કે બાબુલ સે નઝરેં મિલાઉં
કૈસે,
ઘર જાઉં કૈસે
લાગા ચુનરી મેં દાગ...

હિન્દિ ફિલ્મી દુનિયાનાં અનેક ગીતો અવિસ્મરણીય અને યાદગાર છે. સુવર્ણ યુગનાં પોતાની પસંદગીનાં દસ ગીતો કોઈપણ ભારતીય વ્યક્તિને પૂછો તો ભાગ્યે જ કોઈ વ્યક્તિની પસંદગી અન્ય વ્યક્તિની પસંદગી સાથે મળશે. પરંતુ મને જો કોઈ પૂછે તો આ ઉપર જણાવેલ ગીત ચોક્કસ મારી પસંદગીનાં પ્રથમ દસ ગીતોમાં સ્થાન પામે.

ખૂબ જ અર્થસભર ગીત સાહિર લુધિયાનવીએ લખ્યું છે. સંગીતકાર રૌશને ખૂબ જ અઘરી શાસ્ત્રીય સંગીતની ધૂન બનાવી છે અને મન્નાડેના સ્વરે ગાયકીનાં ઉચ્ચ શિખરો સર કરતાં આ ગીતને ચાર ચાંદ લગાવી દીધા છે. અભિનયના બેતાજ બાદશાહ રાજ કપૂરે પોતાની લાજવાબ અદાકારી દ્વારા આ ગીતના ફિલ્માંકન સમયે જ્યારે ગાયક મન્નાડેએ પોતાની તાન લીધી છે ત્યારે પરદા પર રાજ કપૂરના હોઠોએ સરખો જ સાથ નિભાવ્યો છે. જ્યારે પરમતત્ત્વથી છૂટો પડી આત્મા મનુષ્ય દેહ ધારણ કરે છે ત્યારે કવિએ કલ્પના કરતાં કહ્યું છે કે મનુષ્ય દેહ ધારણ કરી, બાળપણ પસાર કર્યા પછી અનેક પ્રકારે પ્રપંચો કર્યા છે અને જ્યારે મૃત્યુનો સમય આવે છે ત્યારે પોતાના જીવનને યાદ કરતો-કરતો બીવે છે કે કઈ રીતે પોતાના પિતૃગૃહે પરત ફરશે.

કારણ કે મનુષ્ય દેહ ધારણ કરી તેણે જે જે પાપકર્મો કર્યા છે તેનાથી તેનું જીવન કલંકિતથયું છે, તે હવે પરમાત્માને ચરણે કઈ રીતે જશે?

પૃથ્વી પર મનુષ્ય અવતાર ધારણ કરીને તેણે અનેક પ્રકારનાં વચનો પરમાત્માને આપ્યા છે, જાણે લગ્ન સમયે જે રીતે કન્યાને પોતાના માતા-પિતા સાસરિયામાં કઈ રીતે રહેવું તે બાબતે શીખામણ ન આપતા હોય! પરંતુ સાસરિયામાં તે એકપણ વચન નિભાવતી નથી અને જ્યારે પિતૃગૃહમાં જાય છે ત્યારે ત્યારે શંકાથી તે સમજે છે કે ઘરે જઈને હું શું કહીશ?

આત્મા નિષ્કલંક છે, તે જ્યારે આ દુનિયામાં જન્મ લે છે. જ્યારે આત્મા દુનિયાથી વિદાય લે છે, મૃત્યુ પામે છે ત્યારે ઉપરવાળાને જઈને શું કહેશે? ઉપરવાળા ઈશ્વરથી કઈ રીતે નઝર મિલાવી શકશે? કઈ રીતે એમનો સામનો કરશે? કે ફરી પાછો જન્મોની ઘટમાળમાં અટવાશે? કારણ કે મનુષ્ય તરીકેનું તેનું જીવન નિષ્કલંક નથી રહ્યું.

# જયપ્રકાશ વિદ્યાલય ખાતે રમતગમત દિન ઉજવાયો

### કબડ્ડી, ખો-ખો, દોડ, લાંબીકૂદ, લંગડી, ઊંચી કૂદ, ત્રિપગી દોડની સ્પર્ધાઓએ ભારે આકર્ષણ જમાવ્યું



ગાંધીનગર, તા. ૨૦

શ્રી જયપ્રકાશ વિદ્યાલય ખાતે સ્પોર્ટ્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી. પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિકના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ વિવિધ રમતોમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

કબડ્ડી, ખો-ખો, દોડ, લાંબીકૂદ, લંગડી, ઊંચી કૂદ, ત્રિપગી દોડની સ્પર્ધાઓએ ભારે આકર્ષણ જમાવ્યું હતું. શાળાના આચાર્ય આર એન ઉપાધ્યાયે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું અને શિક્ષકોએ જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. શિક્ષક સચિનભાઈ પટેલે સમગ્ર કાર્યક્રમનું આયોજન તથા સંચાલન સફળતાપૂર્વક કર્યું હતું.

શાળાનાં પ્રમુખ દક્ષાબેન સુથારે સ્પર્ધકોને બિરદાવ્યા હતા. મહાકુંભમાં પસંદગી પામેલા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમને અંતે રાષ્ટ્રગીતનું ગાન કરવામાં આવ્યું હતું.